**પોલીસ અધિક્ષકની કચેરી ખેડા-નડીયાદ**
**જિલ્લા પોલીસ ગેઝેટ નં.૩૨/૨૦૧૨**
**તા.૬/૮/૨૦૧૨ થી તા.૧૨/૮/૨૦૧૨ સુધી**

---

**(૧) <u>રજા વિભાગ</u>**

**(૨૧૧) ક્રમાંકઃમકમ/૪/૨૯૦/એસબી/વ.૧૧૨૭/૨૦૧૨/૧૬૭૮૨ તા.૦૭/૦૮/૨૦૧૨**

મહેમદાવાદ પો.સ્ટે.માં ફરજ બજાવતા લો.ર.પો.કો. નૈનેશભાઇ ચંદુભાઇ બ.નં.૦૮૯૩નાઓને પો.સ.ઇ.ની લેખિત પરીક્ષાની તૈયારી કરવા માટે છુટા થયા તારીખથી દિન-૨૦ ની બિન પગારી રજા મંજુર કરવામાં આવેલ છે.

**(૨૧૨) ક્રમાંકઃમકમ/૪/૨૯૦/એસબી/વ.૧૧૨૬/૨૦૧૨/૧૬૭૮૩ તા.૭/૮/૨૦૧૨**

કપડવંજ ટાઉન પો.સ્ટે.માં ફરજ બજાવતા નીચે જણાવેલ લો.ર.પો.કો.ને પો.સ.ઇ.ની લેખિત પરીક્ષા આપવાની હોય, તેની પૂર્વ તૈયારી માટે છુટા થયા તારીખથી દિન-૩૦ ની બિન પગારી રજા મંજુર કરવામાં આવેલ છે.
(૧) લો.ર.પો.કો.માધવસિંહ મહેન્દ્રસિંહ બ.નં.૦૭૮૨
(૨) લો.ર.પો.કો.યોગેશકુમાર ઇશ્વરભાઇ બ.નં.૦૭૯૨

**(૨૧૩) ક્રમાંકઃમકમ/૪/૨૯૦/એસબી/પ્રા.રો.રૂ/૧૬૯૩૦/૧૨ તા.૯/૮/૧૨**

વિરપુર પો.સ્ટે.માં ફરજ બજાવતાં અ.હે.કો. બાબુભાઇ હીરાભાઇ બ.નં.૧૨૯૪નાઓ તા.૦૭/૦૫/૨૦૧૨ના રોજ અવસાન પામેલ હોય, ઉપરોકત વંચાણ-૨માં લીધેલ ઠરાવ અન્વયે તેઓની લ્હેણી નિકળતી દિન-૨૦૭ ની પ્રાપ્ત રજાનો રોકડમાં રૂપાંતરીત કરવાની મંજુરી આપવામાં આવેલ છે.

૨/- મજકુર અ.હે.કો.નાઓને દિન-૨૦૭ રજાનો પુરો પગાર આકારવાનો રહેશે.

૩/- મજકુર કર્મચારીનો તા.૦૧/૦૫/૨૦૧૨ના રોજ મુળ પગાર રૂ.૧૦૧૯૦/-વત્તા ગ્રેડ પે રૂ.૨૪૦૦/-કુલ રૂ.૧૨૫૯૦/- છે.

૪/- ઉપરોકત પ્રાપ્ત રજાનાં રોકડનાં નાણાં મર્હુમની વિધવા શ્રીમતી નાથીબેન બાબુભાઇ પરમાર નાઓને હિસાબીશાખાએ ચુકવવાની કાર્યવાહી કરવી.

૫/- સદરહુ હુકમની નોંધ કર્મચારીના સેવાપોથીમાં રજાના બેલેન્સમાં રજા ઉધાર કરી બેલેન્સ શુન્ય કરવામાં આવેલ છે.

**(૨૧૪) ક્રમાંકઃમકમ/૪/૨૯૦/એસબી/વ.૧૧૨૪/૨૦૧૨/૧૬૯૩૧ તા.૯/૮/૨૦૧૨.**

ખેડા ટાઉન પો.સ્ટે.માં ફરજ બજાવતાં લો.ર.પો.કો. માલાભાઇ મખાભાઇ બ.નં.૦૩૦૩ નાઓ તા.૨૦/૧૨/૨૦૧૦ ના રોજ ખેડા ખાતેથી ખંભાત મુકામે સરકારી વાહન સાથે ખજાના પાર્ટીમાં ગયેલ અને ખંભાતથી પરત આવતાં તારાપુર ચોકડી પાસે અકસ્માત થયેલ આ ખજાનાપાર્ટી સાથેના વાહનમાં એએસઆઇ બિસ્મીલ્લાખાન અકબરખાન બ.નં.૨૬૩ તથા આ.પો.કો.ભરતભાઇ ખોડાભાઇ બ.નં.૩૧૨ નાઓ હતા. આ અકસ્માતમાં મજકૂર પો.કો.ને મોઢાના ભાગે ફ્રેક્ચર થવાથી પ્રથમ સરકારી દવાખાનામાં ત્યાર બાદ સિવીલ હોસ્પિટલ ખેડા ખાતે અને અમદાવાદ ખાતેની વાડીલાલ સારાભાઇ હોસ્પીટલમાં સારવાર કરાવેલ હતી.

૨/- પો.સ.ઇ. ખેડા ટાઉનના જા.નં.૩૭૨/૧૧ તા.૧૨/૦૩/૨૦૧૧ અન્વયે મજકૂર પો.કો.ની તા.૨૧/૧૨/૨૦૧૦ થી તા.૦૪/૦૩/૨૦૧૧ સુધી દિન-૭૪ ની સીક રજાના નિરાકરણ માટે રીપોર્ટ મોકલી આપતાં આમુખ-૧ ના હુકમ અન્વયે ઉપરોક્ત સમયની **"બિન પગારી રજા"** માં નિરાકરણ કરવામાં આવેલ છે.

૩/- જી.સી.એસ.આર.ના નિયમ ૭૪(૧) પર.૧ તથા પર.૨ નિયમ વંચાણે લેતાં જેમની ફરજો અકસ્માત કે માંદગીના જોખમ સામે સંકળાયેલ હોય તેવા હેડ કોન્સ્ટેબલના દરજ્જાથી ઉચ્ચ દરજ્જાના ન હોય તેવા તાલીમીઓ સહિતના પોલીસ અધિકારીઓને હોસ્પિટલ રજા મંજુર કરી શકાય છે. મજકૂર લો.ર.પો.કો. માલાભાઇ મખાભાઇ બ.નં.૦૩૦૩ નાઓ સરકારી કામકાજ અર્થે ખજાના પાર્ટીમાં ગયેલ હોય અને સરકારી વાહનને અકસ્માત થતાં તેઓને મોઢાના ભાગે ફ્રેકચર/ઇજા થવાથી અમદાવાદ ખાતેની વાડીલાલ સારાભાઇ હોસ્પીટલમાં જડબાનું ઓપરેશન કરાવેલ છે. મજકૂર લો.રપો.કો.ની ખજાનાપાર્ટીની ફરજમાં મુસાફરી દરમ્યાન અકસ્માત થયેલ હોય, જે જોખમ સામે નોકરી

જોડાયેલ હોય આમુખ-૧ ના હુકમ અન્વયે તા.૨૧/૧૨/૨૦૧૦ થી તા.૦૪/૦૩/૨૦૧૧ સુધીની દિન-૭૪ ની કરેલ " **બિનપગારી રજા** " રદ કરવામાં આવે છે. અને જી.સી.એસ.આર.ના નિયમ ૭૪(૧) પર.ર અન્વયે મજકૂર પો.કો.ની ઉકત સમયની ખાસ કિસ્સામાં " **હોસ્પિટલ રજા**" મંજુર કરવામાં આવેલ છે.

**(૨૧૫) ક્રમાંકઃમકમ/૪/૨૬૦/એસબી/વ.૧૧૪૪/૨૦૧૨/૧૬૯૫૦ તા.૯/૮/૧૨**

નડીયાદ ટાઉન પો.સ્ટે.માં ફરજ બજાવતા લો.ર.પો.કો.રમેશભાઇ તલાજી બ.નં.૦૯૫૧ નાઓને પો.સ.ઇ.ની લેખિત પરીક્ષાની પૂર્વ તૈયારી કરવા માટે તા.૧૨/૦૮/૨૦૧૨ થી તા.૨૮/૦૮/૨૦૧૨ સુધીની દિન-૧૭ ની બિન પગારી રજા મંજુર કરવામાં આવેલ છે.

**(૨૧૬) ક્રમાંકઃમકમ/૪/૨૬૦/એસબી/વ.૧૧૫૦/૨૦૧૨/૧૬૯૮૪ તા.૯/૮/૧૨**

માતર પો.સ્ટે.માં ફરજ બજાવતા લો.ર.પો.કો.સંજયકુમાર કરશનભાઇ બ.નં.૦૮૦૦ નાઓને પો.સ.ઇ.ની લેખિત પરીક્ષાની પૂર્વ તૈયારી કરવા માટે છુટા થયા તારીખથી દિન-૨૦ ની બિન પગારી રજા મંજુર કરવામાં આવેલ છે.

**(૨૧૭) ક્રમાંકઃમકમ/૪/૨૬૦/એસબી/હાજર/વ.૧૧૪૯/૨૦૧૨/૧૬૯૮૯ તા.૯/૦૮/૨૦૧૨.**

ખેડા હેડકવાટર્સ ખાતે ફરજ બજાવતાં એએસઆઇ ચીમનભાઇ હરીભાઇ બ.નં.૨૭૦નાઓને તા.૧૨/૦૪/૨૦૧૨ ના રોજ અચાનક બી.પી.વધી જતાં સિવિલ હોસ્પિટલ ખેડા ખાતે સારવાર માટે ગયેલ સારવાર દરમ્યાન મજકૂર એએસઆઇને હ્દય રોગનો હુમલો થયેલ હોવાનું જણાઇ આવતાં તેઓ વધુ સારવાર માટે મહાગુજરાત હોસ્પિટલ નડીયાદ ખાતે સારવાર માટે ગયેલ હતા. અને તેઓએ બાયપાસ સર્જરી કરાવેલ છે.

૨/- મજકૂર એએસઆઇનાઓએ તા.૧૨/૦૪/૨૦૧૨ ના રોજ કચેરી સમય બાદથી સીકમેમો મેળવેલ છે. મહાગુજરાત હોસ્પીટલમાં સારવાર દરમ્યાન તેઓને સારૂ થઇ જતાં મેડીકલ સારવાર/ફીટનેસ સર્ટી સાથે હાજર થવા આવતાં તેઓને મેડીકલ ફીટનેસ સર્ટી આધારે આજ તા.૦૯/૦૮/૨૦૧૨ કચેરી સમય પહેલાથી ફરજ ઉપર હાજર કરવામાં આવેલ છે.

૩/- મજકુર એએસઆઇની મેડીકલ સારવાર સર્ટી આધારે તા.૧૨/૦૪/૨૦૧૨ થી તા.૦૮/૦૮/૨૦૧૨ સુધીની દિન-૧૧૮ ની રૂપાંતરીત રજા મંજુર કરવામાં આવેલ છે.

## (૨) બદલી વિભાગ

**(૭૧) ક્રમાંકઃમકમ/એસબી-૧/આંજીબ/વ.૧૧૩૬/૧૨/૧૬૭૦૭ તા.૬/૮/૧૨**

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગરના પત્ર ક્રમાંકઃફમક/૧૬૦૬/ ૮૯૮/ખ.૧૭૨૭/૧૨ તા.૨૧/૭/૨૦૧૨ માં જણાવેલ હુકમ અન્વયે અત્રેના જીલ્લામાં ફરજ બજાવતાં અ.પો.કો અરવિંદસિંહ શંકરસિંહ વાઘેલા બ.નં.૧૧૧૦નાઓની સ્વખર્ચે મુળ સીનીયોરીટી જતી કરવાની શરતે ખેડા જીલ્લામાંથી ગાંધીનગર જીલ્લામાં કરવામાં આવેલ હોય, મજકુર અ.પો.કોને બદલીવાળી જગ્યાએ હાજર થવા છુટા કરવામાં આવેલ છે.

## (૩) શિક્ષા વિભાગ

**(૩૭) ક્રમાંકઃતપસ/૩૧૦/એસબી/૧૬૯૩૨/૨૦૧૨ તા.૯/૮/૨૦૧૨**

હું જી.એલ.સિંઘલ પોલીસ અધિક્ષક ખેડા-નડીયાદ મુંબઇ પોલીસ શિક્ષા અને અપીલ ૧૯૫૬નાં નિયમોનાં નિયમ-૩માં મને મળેલ સત્તાની રૂએ ડ્રા.આ.પો.કો. ભવાનસિંહ લાખાભાઇ બ.નં.૫૪૪ નોકરી હાલ વિરપુર પો.સ્ટે. નાઓને આ કચેરીના યાદી ક્રમાંકઃતપસ/૩૧૦/એસબી/૨૦૪૧૮/૧૧ તા.૨૩/૮/૧૧ તથા અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃતપસ/૩૧૦/એસબી/૧૨૩૨૩/૧૨ તા.૧૮/૬/૧૨ થી ફરમાવેલ તહોમતનામું/કારણદર્શક નોટિસ અંશતઃ સાબિત રહેતી હોય તેમનો **"એક ઇજાફો એક વર્ષ માટે (ભવિષ્યને અસર ન કરે તે રીતે)"** અટકાવવાની શિક્ષા કરૂ છું. તેમજ

તેમનો તા.૨૭/૧૧/૨૦૧૦ થી તા.૦૭/૦૭/૨૦૧૧ સુધીનો દિન-૨૨૩ ની ગેરહાજરીનો વગર પગારી રજા તરીકે ગણવાનો હુકમ કરૂ છું.

### (૪) ઈજાફા/ બઢતી

**(૬૦) ક્રમાંકઃતપસ/૩૧૦/એસબી/૧૬૭૩૮/૨૦૧૨ તા.૭/૮/૨૦૧૨**

આ.પો.કો. મણીલાલ સબુરભાઇ બ.નં.૧૪૩૪ નોકરી નડીયાદ ટાઉન પો.સ્ટે.નાઓને ઉપરોક્ત વંચાણ-૪ ના હુકમથી તેઓને મળવાપાત્ર ઇજાફા મંજુર કરવામાં આવેલ. જે હુકમમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવેલ છે.

**આર.ઓ.પી. ૨૦૦૯ મુજબ પગાર ધોરણ રૂ.૫૨૦૦-૨૦૨૦૦-(પી.બી.-૧) ગ્રેડ પે રૂ.૨૦૦૦/-**

| મેળવેલ પગાર તારીખ | મળવાપાત્ર પગાર તારીખ | રીમાકર્સ |
|---|---|---|
| **તારીખ બેઝીક ગ્રેડ પે. કૂલ રકમ** | **તારીખ બેઝીક ગ્રેડ પે. કૂલ રકમ** | |
| ૦૧/૦૭/૨૦૦૮ રૂ.૮૪૬૦+૨૦૦૦ =૧૦૪૬૦ | ૦૧/૦૭/૨૦૦૮ રૂ.૮૭૮૦+૨૦૦૦=૧૦૭૮૦ | -- |
| ૦૧/૦૭/૨૦૦૯ રૂ.૮૭૮૦+૨૦૦૦=૧૦૭૮૦ | ૦૧/૦૭/૨૦૦૯ રૂ.૯૧૧૦+૨૦૦૦=૧૧૧૧૦ | -- |
| ૦૧/૦૭/૨૦૧૦ રૂ.૯૧૧૦+૨૦૦૦=૧૧૧૧૦ | ૦૧/૦૭/૨૦૧૦ રૂ.૯૪૫૦+૨૦૦૦=૧૧૪૫૦ | વંચાણ-૩ના હુકમથી તા.૪/૬/૦૮ થી તા.૯/૧૦/૦૮ સુધીનો ફ.મો. સમય ફરજ મોકુફી તરીકે ગણેલ હોવાથી નાણાકીય અસર મળવાપાત્ર થતી નથી. |
| | ૦૧/૦૭/૨૦૧૧ રૂ.૯૮૦૦+૨૦૦૦=૧૧૮૦૦ | વંચાણ-૩ના હુકમથી એક ઇજાફો છ માસ માટે (ભવિષ્યની અસર સિવાય) અટકાવેલ હોવાથી તા.૦૧/૦૭/૧૧ થી તા.૩૧/૧૨/૧૧ સુધીની અસર મળવાપાત્ર નથી. તા.૦૧/૦૧/૧૨ થી નાણાંકીય અસર મળવા પાત્ર થશે. |
| | ૦૧/૦૭/૨૦૧૨ રૂ.૧૦૧૬૦+૨૦૦૦=૧૨૧૬૦ | -- |

### (૫) ઈનામ

------------------------------------નીલ---------------------------------------

### (૬) રાજીનામુ/નિમણુક/નિવૃતિ વિભાગ

**(૭૬) ક્રમાંકઃમકમ/એસબી-૩/૧૬૬૯૪/૨૦૧૨ તા.૬/૮/૨૦૧૨**

આમુખમાં જણાવેલ મેસેજ આધારે અત્રેના જીલ્લાના વાયરલેસ વિભાગમાં ફરજ બજાવતા રે.ઓ શ્રી બી.જી.રબારીનાઓને તા.૨૦/૮/૧૨ થી ૧૦ વીક સુધી **'' પોલીસ બેઝીક સાઇફર કોર્ષ''** મા પોલીસ વાયરલેસ ઇન્સ્પેકટર તાલીમ સેન્ટર ઘોડા કેમ્પ અમદાવાદનાઓને તા.૧૯/૮/૧૨ ના રોજ રીપોર્ટ કરે તે રીતે મોકલી આપવા હુકમ કરવામાં આવેલ છે.

**(૭૭) ક્રમાંકઃમકમ/૪/૨૬૦/એસબી/હાજર/વ.૧૧૩૫/૨૦૧૨/૧૬૮૭૫ તા./૨૦૧૨**

ખેડા હેડકવાટર્સ ખાતે ફરજ બજાવતાં આ.પો.કો. સંગ્રામસિંહ મદનસિંહ બ.નં.૧૩૬ નાઓ તા.૦૯/૦૪/૨૦૧૨ ના રોજ પોતાની પત્નીની અચાનક તબિયત બગડતાં ખેડા હેડકવાર્ટસ ખાતે ટેલિફોન વર્ધીથી જાણ કરી સીકમાં ગયેલ હતા. મજકૂરની તબિયત સારી થતાં તેઓ તા.૧૪/૦૪/૨૦૧૨ ના રોજ ખેડા હેડકવાર્ટસ ખાતે હાજર થવા આવતા હતા તે દરમ્યાન તેઓના પિતાશ્રીને હાર્ટ એટેક આવતાં મરણ ગયેલ હોવાની જાણ થતાં ફરજ પર હાજર થયેલ નહીં અને પરત વતનમાં ગયેલ.

૨/- મજકૂર આપોકો સીક/ગે.હા. હતા. તે દરમ્યાન તેઓની ખેડા હેડકવાર્ટસ ખાતેથી નડીયાદ ઉન પો.સ્ટે.માં બદલી થતાં તેઓને તા.૧૨/૦૫/૨૦૧૨ ના રોજ પરભારે છુટા કરેલ હતા. મજકૂરે સીક દરમ્યાન પત્નીની સારવાર

સિવીલ હોસ્પિટલ ખાતે તા.૦૯/૦૪/૨૦૧૨ થી તા.૨૧/૦૪/૨૦૧૨ સુધી મેળવેલ છે. જે સારવાર લીધા અંગેનું મેડીકલ સર્ટીફીકેટ તેમજ પિતાશ્રીના મરણના પ્રમાણપત્ર સહિત આજરોજ હાજર થવા આવેલ હોય, જેથી તેઓને આજ તા.૦૭/૦૮/૨૦૧૨ ના રોજ  કચેરી સમય પહેલાં નડીયાદ ટાઉન પો.સ્ટે.માં ફરજ ઉપર હાજર કરવામાં આવેલ છે.

**(૭૮) ક્રમાંકઃતપસ/૩૧૦/એસબી/૧૭૦૬૯/૧૨ તા.૧૩/૮/૧૨**

હું જી.એલ.સિંઘલ પોલીસ અધિક્ષક ખેડા-નડીયાદ મુંબઇ પોલીસ શિક્ષા અને અપીલ-૧૯૫૬ના નિયમોના નિયમ -૩ માં મને મળેલ સત્તાની રૂએ, આપોકો રમેશભાઈ માધાભાઈ બનં.૧૩૪ નોકરી કપડવંજ ટાઉન હાલ ચકલાસી પો.સ્ટે. નાઓને અત્રેની કચેરીનાં પત્ર ક્રમાંકઃતપસ/૩૧૦/એસબી/૨૪૪૭૪/૨૦૦૬ તા.૨૫/૧૦/૨૦૦૬થી કરેલ આખરી હુકમથી કરવામાં આવેલ શિક્ષામાંથી **"દોષમુકત"** જાહેર  કરૂં છું.

**(કે.એન.રાજપુત)**
કચેરી અધિક્ષક
પોલીસ અધિક્ષકની કચેરી
ખેડા-નડીયાદ

**પ્રતિ,**

જિલ્લાના તમામ પોલીસ અમલદારો તરફ/તમામ સી.પી.આઇ./રીપોસઈ ખેડા હેકવા./તમામ શાખા

**નકલ રવાનાઃ-** મદદનીશ પો.અધિ.શ્રી નડીયાદ/ના.પો.અધિ.કપડવંજ/મુ.મ.ખેડા-નડીયાદ
હિસાબી શાખા (૪ પ્રત)/ડીપીજી